

# સખત ગરમીના કારણે ફ્રાન્સની સૌથી લાંબી નદી સૂકીભઠ બની ગઇ

**625 માઇલ લાંબી લોઇર નદી કેટલાક સ્થળે તો માત્ર રેતીના પટ જેવી રહી ગઇ છે**

પેરિસ, તા. ૧૦: પશ્ચિમ યુરોપમાં રેકોર્ડબ્રેક ગરમી વચ્ચે તાપમાન ખૂબ વધવાને કારણે ફ્રાન્સની સૌથી લાંબી નદી રેતીના પટમાં ફેરવાઈ ગઈ છે.

જૂન મહિનામાં યુરોપે અત્યાર સુધીના સૌથી ગંભીર હીટવેવનો સામનો કર્યો હોવાથી ફ્રાન્સમાં દુષ્કાળની સ્થિતિ વધુ વણસી રહી છે. મોન્ટજીન-સુર-લોઇરમાં લોઇર નદી સંપૂર્ણપણે સુકાઈ ગયેલી જોવા મળતા આઘાતજનક દ્રશ્યો સામે આવ્યા છે. આ સુકાઈ ગયેલી નદી, જે 625 માઈલ લાંબી છે, તે માત્ર બાકી રહેલા ખાબોચિયાં સાથે રણ જેવા લેન્ડસ્કેપમાં ફેરવાઈ ગઈ છે. મેસોન્સ-દુ-બોઈસ-લિવ્રેમોન્ટ કોમ્યુનમાં આવેલી ડૂબ્સ નદી પણ આ કાળઝાળ ગરમીના પરિણામે પાણી વિનાની થઈ ગઈ છે.

ભયાનક તાપમાનને કારણે શાળાઓ બંધ થઈ ગઈ છે, હજારો ઘરોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે અને દેશભરમાં 2,000 થી વધુ લોકોના જીવ ગયા છે. પરિવારોને તેમના પાણીના વપરાશને મર્યાદિત કરવા અને છોડને પાણી આપવાનું, કાર ધોવાનું અને ખાનગી સ્વિમિંગ પૂલ ભરવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. EUની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસએ એક માસિક બુલેટિનમાં જણાવ્યું છે કે, ગત મહિનો વૈશ્વિક સ્તરે પણ બીજો સૌથી ગરમ જૂન મહિનો હતો, અને પૃથ્વીએ રેકોર્ડ શરૂ થયા પછી જૂન મહિનામાં સમુદ્રની સપાટીનું સૌથી વધુ તાપમાન અનુભવ્યું હતું.

**અંતરિક્ષમાં ફરી ગુંજશે ભારતનું નામ**

# નાસાના મિશન ISS માટે અનિલ મેનન તૈયાર

**14 જુલાઈએ સોયુઝ સ્પેસક્રાફ્ટ દ્વારા ૮ મહિનાની સફરે રવાના થશે; ઝીરો ગ્રેવિટીમાં માનવ શરીર પર કરશે વિશેષ સંશોધન**



વોશિંગ્ટન, તા. 10 (પીટીઆઈ): ભારતીય મૂળના નાસા (NASA)ના અવકાશ યાત્રી અનિલ મેનન આગામી 14 જુલાઈના રોજ કઝાકિસ્તાનના બૈકોનુર કોસ્મોડ્રોમ પરથી આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (ISS) માટેના 8 મહિનાના મિશન પર રવાના થશે.

મિનીઆપોલિસમાં યુક્રેનિયન અને ભારતીય સ્થળાંતરિત માતા-પિતાને ત્યાં જન્મેલા 49 વર્ષીય મેનન ઈમરજન્સી મેડિસિન ફિઝિશિયન અને યુએસ સ્પેસ ફોર્સના કર્નલ છે. યુએસ એરફોર્સમાં સેવા દરમિયાન તેઓ અફઘાનિસ્તાનમાં ફ્રન્ટલાઈન પર તૈનાત હતા અને હિમાલયન રેસ્ક્યુ એસોસિએશન સાથે માઉન્ટ એવરેસ્ટના પર્વતારોહકોની સારવાર પણ કરી ચૂક્યા છે. આ સિવાય તેઓ પોલિયો રસીકરણ અભિયાનના અભ્યાસ માટે રોટરી એમ્બેસેડર સ્કોલર તરીકે ભારતમાં 1 વર્ષ વિતાવી ચૂક્યા છે.

તેઓ રોસકોસ્મોસ સોયુઝ MS-29 સ્પેસક્રાફ્ટ દ્વારા રશિયન અંતરિક્ષ યાત્રીઓ પ્યોત્ર દુબ્રોવ અને અન્ના કિકિના સાથે અવકાશની સફર કરશે. મેનને 2014માં ફ્લાઈટ સર્જન તરીકે નાસામાં કારકિર્દી શરૂ કરી હતી. ત્યારબાદ 2018માં તેઓ સ્પેસએક્સમાં જોડાયા. ડિસેમ્બર 2021માં નાસાના એસ્ટ્રોનોટ તરીકે પસંદ થયા બાદ તેમણે 2 વર્ષની તાલીમ લીધી હતી. તેમનાં પત્ની અન્ના વિલ્હેમ પણ અવકાશ યાત્રી છે.

આ 8 મહિનાના લાંબા ગાળાના મિશન દરમિયાન મેનન સ્પેસ સ્ટેશન પર માનવ શરીર પર અવકાશના પ્રભાવોનો અભ્યાસ કરવા માટે શ્રેણીબદ્ધ પ્રયોગો કરશે. તેઓ ખાસ કરીને શૂન્ય ગુરુત્વાકર્ષણની સ્થિતિમાં એસ્ટ્રોનોટ્સના બ્લડ પ્રેશર, નસોની સંરચના અને લોહીના બંધારણ પર થતી અસરોની તપાસ કરશે. આ સાથે, તેઓ સ્પેસ સ્ટેશનના પીવાના પાણીનો ઉપયોગ કરીને ઈન્જેક્શન આપવા માટેના પ્રવાહી બનાવવાની ટેકનોલોજીનું પરીક્ષણ કરશે, જે ભવિષ્યના ઊંડા અવકાશ મિશનોમાં તબીબી પુરવઠો મર્યાદિત હોય ત્યારે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. આ સિવાય, તેઓ ઓગમેન્ટેડ રિયાલિટી અને AI પદ્ધતિઓનો ઉપયોગ કરીને અલ્ટ્રાસાઉન્ડ તપાસની નવી પદ્ધતિઓનું પરીક્ષણ કરશે, જેથી ભવિષ્યના મિશનોમાં પૃથ્વી પરથી મેડિકલ સપોર્ટ લેવાની જરૂરિયાત પૂરી થઈ શકે.

# 1600 નંબર સીરીઝના સરકારી અને બેંકિંગ કોલ્સને કોઈ એપ બ્લોક નહીં કરી શકે: ટ્રાઈ

**140 સીરીઝના પ્રમોશનલ કોલ્સ પણ માત્ર ડીએનડી રજિસ્ટ્રીથી જ બ્લોક થશે**

**નવા નિયમોથી ગ્રાહકો આ નંબરોને સ્પેમ કે ફ્રોડ તરીકે ટેગ નહીં કરી શકે**

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)એ શુક્રવારે એક નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે, નિયમનકારી સંસ્થાઓ અને સરકાર દ્વારા નાગરિકો સાથેના મહત્વના સંવાદ માટે શરૂ કરાયેલી 1600 નંબર સીરીઝ પરથી આવતા ફોન કોલ્સને કોઈ પણ એપ દ્વારા બ્લોક કરી શકાશે નહીં. આ સાથે ટ્રાઈએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે 140 સીરીઝ પરથી આવતા જાહેરાતના કોલ્સને પણ કોઈ એપ દ્વારા ટેગ કે ફિલ્ટર કરી શકાશે નહીં, તેને માત્ર ટ્રાઈ દ્વારા સંચાલિત ડુ નોટ ડિસ્ટર્બ રજિસ્ટ્રી દ્વારા જ બ્લોક કરી શકાય છે.

ટેલિકોમ કોમર્શિયલ કમ્યુનિકેશન્સ કસ્ટમર પ્રેફરન્સ રેગ્યુલેશન (TCCCPR) હેઠળ 1600 સીરીઝના કોલ્સનું ટેગિંગ, બ્લોકિંગ કે ફિલ્ટરિંગ કરવાની મંજૂરી નથી. આરબીઆઈ, સેબી, ઈરડાઈ અને પીએફઆરડીએ દ્વારા નિયંત્રિત બેંકિંગ, નાણાકીય સેવાઓ અને વીમા ક્ષેત્રની સંસ્થાઓ પોતાના ગ્રાહકોને સેવા કે ટ્રાન્ઝેક્શન સંબંધિત કોલ કરવા માટે અને સરકારી સંસ્થાઓ નાગરિકો સાથે સંવાદ કરવા માટે આ 1600 સીરીઝનો ઉપયોગ કરે છે.

આ નિયુક્ત સીરીઝ ફાળવવાનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો માટે આવા મહત્વના કોલ્સને વિશ્વસનીય બનાવવાનો છે. જ્યારે 140 સીરીઝ રજિસ્ટર્ડ ટેલીમાર્કેટર્સ માટે છે. ગ્રાહકો ટ્રાઈની DND એપ અથવા અન્ય માધ્યમોથી પોતાની પસંદગી નોંધીને ચોક્કસ સેક્ટરના પ્રમોશનલ કોલ્સ બ્લોક કરી શકે છે. ટ્રાઈની આ સ્પષ્ટતાનો અર્થ એ છે કે ગ્રાહકો 1600 અને 140 સીરીઝના નંબરોને સ્પેમ કે ફ્રોડ તરીકે ટેગ કરી શકશે નહીં.

### 140 અને 1600 સીરીઝ દ્વારા સ્પેમ કોલ્સમાં મોટો ઉછાળો આવ્યો છે

બીજી બાજુ, ટ્રુકોલરના સીઈઓ રિશિત ઝુનઝુનવાલાએ જણાવ્યું છે કે 140 અને 1600 સીરીઝ દ્વારા સ્પેમ કોલ્સમાં મોટો ઉછાળો આવ્યો છે. આ બંને સીરીઝમાંથી દરરોજ 5.1 કરોડથી વધુ કોલ્સ એવા છે જે લોકો ઉપાડતા નથી. ઓક્ટોબર 2025થી સર્વિસ કોલ્સ માટેની 1600 સીરીઝમાં દૈનિક બ્લોકિંગ એક્શન ત્રણ ગણી વધી ગઈ છે અને છેલ્લા 8 મહિનામાં આ સીરીઝ સામે કુલ 7.4 કરોડ મેન્યુઅલ બ્લોકિંગ એક્શન લેવાઈ છે. હાલમાં ટ્રુકોલર યુઝર્સ દરરોજ 140 સીરીઝના 4 લાખ અને 1600 સીરીઝના 1.25 લાખ કોલ્સ સક્રિયપણે બ્લોક કરી રહ્યા છે.

## પેજ 3

### વિમ્બલડનમાં પ્રિયંકા ચોપરાની હાજરી, પતિ નિક જોનાસને વીડિયો કોલ કરી મેચ બતાવી



લંડન, તા. 10 : અભિનેત્રી પ્રિયંકા ચોપરા લંડનના ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં વિમ્બલડન 2026ની મહિલા સિંગલ્સ સેમિફાઇનલ મેચ સમયે સેન્ટર કોર્ટના રોયલ બોક્સમાં બેઠેલી જોવા મળી હતી. વિમ્બલડને શેર કરેલા કેટલાક ફોટામાં મેચ દરમિયાન પ્રિયંકા ક્યારેક તે તાળીઓ પાડી, ક્યારેક તે રોમાંચક ક્ષણો પર આશ્ચર્યચકિત થઈ જતી જણાય છે. પ્રિયંકા ચોપરાની ટીમે સોશિયલ મીડિયા પર શેર કરેલા ફોટામાં તે. મેચ દરમિયાન પતિ નિક જોનાસને વીડિયો કોલ કરીને સેન્ટર કોર્ટ પર કેરોલિના મુચોવા અને કોકો ગફ વચ્ચેની રોમાંચક સેમીફાઇનલ મેચની ઝલક બતાવી હતી.

### પ્રશંસકો અને પાપારાઝીઓની ભારે ધક્કામુક્કી વચ્ચે આર્યન ખાન ઘેરાયો



મુંબઈ, તા. 10: સુપરસ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનને અભિનેતા અને ડાન્સર રાઘવ જુયાલની બર્થડે પાર્ટીમાંથી બહાર નીકળતી વખતે પ્રશંસકો અને પાપારાઝીઓએ ઘેરી લીધો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં સેલ્ફી લેવાના પ્રયાસમાં ભારે ધક્કામુક્કી વચ્ચે એક પ્રશંસક સંતુલન ગુમાવીને જમીન પર પડી ગયો હતો, જોકે કોઈ ઈજા થઈ ન હતી. સુરક્ષાકર્મીઓએ આર્યનને સુરક્ષિત રીતે તેની કાર સુધી પહોંચાડ્યો હતો. ઇન્ટરનેટ યુઝર્સે સેલિબ્રિટીની પ્રાઈવેસીનું સન્માન કરવા અપીલ કરીને લોકોના આવા વર્તનની ટીકા કરી છે. અહેવાલો મુજબ, આર્યન ખાને તેની આગામી ફિલ્મ પર કામ શરૂ કર્યું છે, જ્યારે શાહરૂખ ખાનના પ્રશંસકો તેની આગામી ફિલ્મ 'કિંગ'ની રાહ જોઈ રહ્યા છે, જે 24 ડિસેમ્બર, 2026ના રોજ રિલીઝ થવાની છે.

### શેખર સુમન સાથે જોડાયેલા ફિલ્મ નિર્માતાને ત્યાં ઇડીના દરોડા




**વિદેશમાં અઘોષિત સંપત્તિના મામલે ફેમા હેઠળ કાર્યવાહી શરૂ કરાઈ**

**તપાસ દરમિયાન નિર્માતાએ બિલ્ડિંગના 13મા માળેથી મોબાઈલ નીચે ફેંક્યો**

નવી દિલ્હી-મુંબઈ, તા. 10 (પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ અઘોષિત વિદેશી સંપત્તિ રાખવા અને અન્ય ગેરરીતિઓના આક્ષેપો હેઠળ મુંબઈના એક ફિલ્મ નિર્માતા અને તેમની કંપની સામે ફેમા હેઠળ તપાસ શરૂ કરીને દરોડા પાડ્યા છે. સત્તાવાર સૂત્રોએ શુક્રવારે જણાવ્યું કે, આ ફિલ્મ નિર્માતા અભિનેતા શેખર સુમન સાથે જોડાયેલા છે. કેન્દ્રીય એજન્સીએ ગુરુવારે મુંબઈમાં 'કલાની ઈમ્પેક્સ લિમિટેડ' અને તેના ડિરેક્ટર ધર્મેશ સંગાણીના ઠેકાણા પર ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સંગાણીએ શેખર સુમન દ્વારા પ્રમોટ કરાયેલી એક ફિલ્મ એકેડમીની સહ-સ્થાપના કરી છે. અધિકારીઓએ આક્ષેપ કર્યો છે કે દરોડા દરમિયાન સંગાણીએ ઇમારતના 13મા માળેથી પોતાનો મોબાઇલ ફોન નીચે ફેંકી દીધો હતો, જેને તપાસકર્તાઓએ પાછળથી શોધી કાઢ્યો હતો. પુરાવાનો નાશ કરવાના પ્રયાસ બદલ EDએ મુંબઈ પોલીસમાં આ ઘટના અંગે ફરિયાદ નોંધાવી છે. હાલમાં સંગાણી કે તેમની કંપનીનો સંપર્ક થઈ શક્યો નથી અને ફિલ્મ એકેડમીના જવાબની રાહ જોવાઈ રહી છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે વર્તમાન તપાસ માત્ર સંગાણી અને તેમની કંપનીની ભૂમિકા પૂરતી મર્યાદિત છે. તપાસમાં આક્ષેપ કરાયો છે કે કેટલાક વિદેશી ખરીદદારો પાસેથી નિકાસની રકમ મેળવવામાં આવી ન હતી અને કંપનીએ અધિકૃત બેંક પાસેથી સમય લંબાવવાની મંજૂરી પણ લીધી ન હતી. દરોડા દરમિયાન કંપની અને સંગાણી પાસેથી અઘોષિત વિદેશી સંપત્તિ અને બેંક ખાતાઓને લગતા દસ્તાવેજો મળી આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, યુએસ કસ્ટમ્સ સત્તાવાળાઓ પણ આરોપીઓ સાથે સંકળાયેલા કેટલાક વ્યવહારોની તપાસ કરી રહ્યા છે.


### ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવની જેલની સજા દિલ્હી હાઈકોર્ટે રાખી યથાવત



**પૈસા પાછા આપવા કરતાં 5 વખત જેલમાં જવું મંજૂર છે: રાજપાલ યાદવ**

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે ચેક બાઉન્સના બહુવિધ કેસોમાં અભિનેતા રાજપાલ યાદવની સજા યથાવત રાખી છે અને તેને 3 મહિનાની જેલની સજા ફટકારી છે. જસ્ટિસ સ્વર્ણકાંત શર્માએ અરજી દાખલ કરવામાં થયેલા 1,894 દિવસ (5 વર્ષથી વધુ)ના અસાધારણ વિલંબને માફ કરવાનો ઇનકાર કર્યો હતો. હાઈકોર્ટે રાજપાલ યાદવને દરેક 7 ફરિયાદીઓને રૂ. 1 કરોડથી વધુનો દંડ ચુકવવાનો આદેશ આપ્યો છે, જેમાં 'મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ' કંપની પણ સામેલ છે. આ દંડમાંથી અગાઉ ચૂકવેલા આશરે 2 કરોડ રૂપિયા એડજસ્ટ કરવામાં આવશે. કોર્ટે અપીલ કરવા માટે સજા પર 2 મહિનાનો સ્ટે આપ્યો છે.

### શાહરૂખે દિલ્હીનું પોતાનું પૈતૃક ઘર 37 કરોડમાં ખરીદ્યું



નવી દિલ્હી, તા. 10: બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાને દિલ્હીના પંચશીલ પાર્કમાં આવેલા પોતાના જૂના ફેમિલી હોમના વધુ બે માળ (બીજો અને ત્રીજો માળ) 37 કરોડમાં ખરીદી લીધા છે. અહેવાલ મુજબ, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર અગાઉથી જ તેમની પાસે હતા, પરંતુ હવે આખી બિલ્ડિંગ તેમની માલિકીની થઈ ગઈ છે. સાઉથ દિલ્હીના પોશ વિસ્તારમાં આવેલું આ ઘર આશરે 10,800 સ્ક્વેર ફીટમાં ફેલાયેલું છે. શાહરૂખ ખાનનું બાળપણ અહીં વીત્યું હતું અને વર્ષ 1991માં લગ્ન કર્યા પછી તેઓ પત્ની ગૌરી ખાન સાથે આ જ ઘરમાં રહેતા હતા. મુંબઈ શિફ્ટ થઈને સફળતા મેળવતા પહેલાં, તેણે સંઘર્ષના દિવસો અને ખૂબ જ ખાસ પળો આ જ ઘરમાં વિતાવી હતી, જેના કારણે આ મિલકત તેના દિલની ખૂબ નજીક છે.



# એક મુસાફર ભરઆકાશે વિમાનની તૂટેલી બારીમાંથી બહાર ખેંચાઇ ગયો

**20000 ફૂટની ઉંચાઇએ વિમાનની બારી તૂટી, મુસાફર બહાર ખેંચાવા માંડ્યો**

**અડધુ શરીર બહાર ખેંચાઇ ગયું, પત્ની અને અન્ય પ્રવાસીઓએ તેને પાછો વિમાનમાં ખેંચ્યો**

બર્લીન, તા. ૧૦: આજે એક ફ્લાઇટ દરમિયાન રાયનએર કંપનીના એક મુસાફરનું અડધું શરીર પ્લેનની તૂટેલી બારીમાંથી બહાર ખેંચાઈ ગયું હોવાનો તેના સાથી મુસાફરોએ દાવો કર્યો છે.તે વ્યક્તિનું માથું તૂટેલી બારીની બહાર ફસાઈ ગયું હોવાથી, મધ્ય-આકાશમાં તેનું બાકીનું શરીર વિમાનની બહાર વધુ ખેંચાઈ ન જાય તે માટે આસપાસના મુસાફરોએ તેને મજબૂતીથી પકડી રાખ્યો હતો. ગ્રીસના થેસાલોનિકીથી જર્મનીના મેમિંગેન જઈ રહેલી બોઈંગ 737-800 ફ્લાઇટમાં બનેલી આ ઘટના બાદ તેને અધવચ્ચેથી જ પાછી વાળીને પ્રસ્થાનના એરપોર્ટ પર જ લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. આ જેટે ગ્રીસથી તેના નિર્ધારિત સમય મુજબ સવારે ૫:૫૫ વાગ્યે ઉડાન ભરી હતી, પરંતુ ટેકઓફના થોડા જ સમય બાદ લગભગ ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ પ્લેનમાં એક જોરદાર ધડાકો સંભળાયો હતો.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે તેમ, એક પ્રત્યક્ષદર્શીએ જર્મન પ્રેસ એજન્સીને જણાવ્યું કે પ્લેનની બારી તૂટી ગઈ હતી. જર્મન ન્યૂઝ ચેનલ 'બિલ્ડ'ના જણાવ્યા અનુસાર, આ અચાનક થયેલા અવાજના થોડા જ સમય બાદ બારીની બાજુમાં બેઠેલો વ્યક્તિ હવાના દબાણને કારણે બહારની તરફ 'ખેંચાઈ' ગયો હતો. એવું જાણવા મળ્યું છે કે તે વ્યક્તિની પત્નીએ લગભગ પાંચ મિનિટ સુધી તેના પગ પકડી રાખ્યા હતા, ત્યારપછી અન્ય સાથી મુસાફરો તેને પાછા કેબિનની અંદર ખેંચવામાં સફળ રહ્યા હતા.

**ઓસ્ટ્રેલિયામાં હવે વધુ ભારતીયો નહીં જોઇએ**

# ઓસ્ટ્રેલિયામાં એક ઈમિગ્રેશન વિરોધીએ મોદી સામે સૂત્રોચ્ચાર કર્યા



**ભારતીય ડાયસ્પોરાના કાર્યક્રમમાં ઘૂસી ગયો, સૂત્રોચ્ચારો કર્યા**

**મોદી જ્યાં રોકાયા હતા તે હોટલમાં ઘૂસીને પણ સૂત્રોચ્ચાર કર્યા, મોદીને ગાળ આપી**

મેલબોર્ન, તા. ૧૦: વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ઓસ્ટ્રેલિયાની બે દિવસીય મુલાકાતે પહોંચ્યાના ગણતરીના કલાકોમાં જ, મેલબોર્નની એક હોટેલમાં ઘૂસી ગયેલા એક કટ્ટર-જમણેરીવાદી અને ઈમિગ્રેશન વિરોધી પ્રદર્શનકારીએ ગાળો ભાંડતા સૂત્રોચ્ચારો સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ જ વ્યક્તિએ ગુરુવારે મેલબોર્નના માર્વેલ સ્ટેડિયમ ખાતે ભારતીય ડાયસ્પોરા સમક્ષ યોજાયેલા વડાપ્રધાન મોદીના સંબોધનમાં પણ વિક્ષેપ પાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ત્યાં હાજર લોકો દ્વારા વગાડવામાં આવી રહેલા સંગીતના ઘોંઘાટમાં તેનો અવાજ દબાઈ ગયો હતો અને તેને ત્યાંથી જવા માટે મજબૂર થવું પડ્યું હતું.

સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી એક ક્લિપમાં, પ્રદર્શનકારી – જેની ઓળખ હ્યુગો લેનન તરીકે થઈ છે અને તે ઓનલાઈન જગતમાં "ઓસ્પિલ" નામથી સક્રિય છે, તે વડાપ્રધાન મોદી હોટેલ લોબીમાં રેડ કાર્પેટ પર આવી રહ્યા હતા ત્યારે તેમના પર બૂમો પાડતો જોવા મળ્યો હતો. ઉપરના માળેથી, જ્યાં મોટું ટોળું એકઠું થયું હતું, તેણે બૂમ પાડીને મોદી માટે અપશબ્દ વાપર્યો હતો. લેનન એમ કહેતો સંભળાયો હતો કે, "આ ઓસ્ટ્રેલિયા છે. હવે વધુ ભારતીયો નહીં જોઈએ. અમારે વધુ માઈગ્રેશન જોઈતું નથી. આ દેશ ઓસ્ટ્રેલિયનો માટે છે." પોલીસે તાત્કાલિક લેનનને ઘેરી લીધો હતો અને લોબી તરફ ખુલતી ફર્સ્ટ-ફ્લોરની બાલ્કનીમાંથી તેને ખેંચીને દૂર લઈ ગઈ હતી, છતાં તે સતત સૂત્રોચ્ચારો કરી રહ્યો હતો.

# દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનને 17 જુલાઈએ PM મોદી લીલી ઝંડી બતાવશે

**જીંદથી સોનીપત વચ્ચેનું 89 કિમીનું અંતર 12 સ્ટોપેજ સાથે 2 કલાકમાં કાપશે**

**ડીઝલના બદલે હાઇડ્રોજન ફ્યુઅલ સેલથી ચાલતી 10 કોચની ટ્રેનની કુલ મુસાફર ક્ષમતા 2,600 મુસાફરોની છે**



નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આગામી 17 જુલાઈના રોજ દેશની પ્રથમ હાઈડ્રોજન સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરવામાં આવશે. આ ટ્રેન હરિયાણાના જીંદ અને સોનીપત વચ્ચેનું 89 કિલોમીટરનું અંતર બે કલાકમાં કાપશે અને આ મુસાફરી દરમિયાન તે વચ્ચેના 12 સ્ટેશનો પર ઊભી રહેશે.

8 જુલાઈના રોજ રેલ્વે બોર્ડ દ્વારા ઉત્તરી રેલ્વેને મોકલવામાં આવેલા સત્તાવાર પત્ર અનુસાર, હાઈડ્રોજન ટ્રેન નંબર 74010 તેની નિયમિત સેવા દરમિયાન સવારે 7.40 વાગ્યે જીંદ રેલ્વે સ્ટેશનથી ઉપડશે અને સવારે 9.40 વાગ્યે સોનીપત પહોંચશે.

આ ટ્રેન તેના માર્ગમાં જીંદ સિટી, પાંડુ પિંડારા, લલિત ખેડા, ભામ્ભેવા, ઈશાપુર ખેરી, બુટાના, ખાનદરાઈ, ગોહાના, રાભરા, લાઠ, મોહના હરિયાણા અને બરવાસની એમ 12 સ્ટેશનો પર રોકાશે. પરત મુસાફરીમાં, ટ્રેન નંબર 74009 સોનીપતથી સવારે 10.40 વાગ્યે ઉપડશે અને બપોરે 1.00 વાગ્યે જીંદ પહોંચશે. રેલ્વે બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે 17 જુલાઈના રોજ આ ટ્રેન ખાસ ઉદ્ઘાટન સેવા તરીકે દોડશે, જ્યારે તેની નિયમિત પેસેન્જર સેવા શરૂ કરવાની તારીખ ઉત્તરી રેલ્વે ટૂંક સમયમાં નક્કી કરશે.

અગાઉની માહિતી મુજબ, આ ટ્રેન દરરોજ જીંદ અને સોનીપત વચ્ચે બે રાઉન્ડ ટ્રીપ કરીને કુલ 356 કિલોમીટરનું અંતર કાપશે. આ 10 કોચની ટ્રેનમાં 682 બેઠકો છે અને તેની કુલ પેસેન્જર ક્ષમતા 2,600 મુસાફરોની છે.

ટ્રાયલ દરમિયાન આ ટ્રેને 120 કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ઝડપ હાંસલ કરી હોવા છતાં, નિયમિત સેવા દરમિયાન તેની મહત્તમ ઓપરેશનલ સ્પીડ 75 કિલોમીટર પ્રતિ કલાક રાખવામાં આવશે. મે 2026 માં રેલ્વે બોર્ડે દેશની પ્રથમ હાઈડ્રોજન સંચાલિત 10-કોચની DEMU ટ્રેનને મંજૂરી આપી હતી, જે ડીઝલના બદલે ટ્રેક્શન પાવર જનરેટ કરવા માટે હાઈડ્રોજન ફ્યુઅલ સેલનો ઉપયોગ કરે છે.